
# ગાંધીનગરના ભાડુઆતોની સેન્સસ દ્રષ્ટિએ મીમાંસા

## ચાર સભ્યોના પરિવાર ભલે રહે ભાડે પણ સુખ સુવિધામાં અવ્વલ

ગાંધીનગરમાં ૪૧૯૦૨ પરિવારો ભાડાના મકાનમાં રહે છે. ગુજરાતમાં તેની સંખ્યા ૧૬,૪૯,૬૩૬ છે. એ મુજબ ગુજરાતની સરખામણીએ ગાંધીનગરના ભાડુઆત તરીકે રહેતા પરિવારોની સંખ્યા ૨૫ ટકા છે. એટલે ચોથો ભાગ ભાડુઆતનો ગાંધીનગરના સેન્સસમાં નોંધાયેલો છે.

ગાંધીનગરમાં ભાડાના મકાનમાં સૌથી વધુ ચાર સદસ્યો વાળા પરિવાર નોંધાયેલા છે. જ્યારે પરિવાર સદસ્યોની સંખ્યા ચાર હોય ત્યારે એ સ્પષ્ટ છે કે આ સદસ્યોમાં મા-બાપ અને તેમના અપરણિત સંતાનો સહનિવાસ કરતા હોય. આ દ્રષ્ટિએ ચાર સદસ્યનું પરિવાર




કુટુંબમાં જેના થકી પરિવાર આર્થિક ઉપાર્જન પર નિર્ભર હોય છે, એ સ્પષ્ટ છે. એટલે ઘણેભાગે આ પરિવાર સ્થળાંતરીત હોય છે. શિક્ષણ કે અન્ય કારણોસર ધંધા-રોજગાર અર્થે તેમણે સ્થળાંતર કર્યુ હોય છે. આ આંકડાઓ ગાંધીનગર શહેર અને ગ્રામ્ય વિસ્તારના છે. જો ગાંધીનગર શહેરની વસ્તી સંરચના (ઢઈર્રૂઈછૅઉંૐૅઈહ્લૅન્ઈ) પર ધ્યાન દઈએ તો આ વાત જલ્દીથી સમજાય તેવી છે. ઉદાહરણ તરીકે જોઈએ તો ગાંધીનગરમાં આવેલા સરકારી ક્વાટર્સમાં વસતા કર્મચારી હોય કે અધિકારી હોય, જી-૧ ટાઈપનું ઉચ્ચ કક્ષાનું મકાન હોય કે જ-ટાઈપનું મકાન હોય, ગાંધીનગરમાં તેઓ સરકારી નોકરી મળે એટલે વસવાટ માટે આવતા હોય છે. આ પરિવારો તેમના સંયુક્ત કુટુંબના વસવાટને છોડીને ગાંધીનગરમાં નોકરીના કારણે સ્થળાંતર કરે છે. એટલે સંયુક્ત કુટુંબમાંથી વિભક્ત કુટુંબમાં રૂપાંતરીત થાય છે. ગાંધીનગર શહેરની જેમ ગાંધીનગર ગ્રામ્યમાં નોકરીની બાબતે આવી જ સ્થિતિ જોવા મળે છે. અલબત્ત ગ્રામીણ ગાંધીનગરમાં સરકારી નોકરીના કિસ્સાનું પ્રમાણ નહીંવત છે. પરંતુ રોજગારીનો મુદ્દો અહીં પણ પરિવારમાં ચાર સદસ્યાના સંદર્ભમાં અસરકર્તા છે એ સમજવા જેવું છે. આ સાથે એ પણ એટલું જ સાચું કે ચાર સભ્યો વાળા પરિવારની સંખ્યા ભાડાના મકાનમાં સૌથી વધારે પ્રમાણમાં રહે છે તો આ જ પરિવાર પોતાની માલિકીના મકાનમાં પણ સારા એવા પ્રમાણમાં વસવાટ કરે છે જે દર્શાવે છે કે સંયુક્તમાંથી વિભક્ત કુટુંબમાં તબદીલ થયેલું ચાર સભ્યોનું કટુંબ પોતાની માલિકીનું મકાન અન્ય કુટુંબો કરતાં વધુ ઝડપથી મેળવે છે. હા, આ સાથે એ પણ એટલું જ સાચું કે જે પરિવારો આવી રીતે પોતાના મકાનની માલિકી ધરાવતા થાય તેમાં તેઓ પણ સંયુક્તમાંથી નવું મકાન લેતા વિભક્ત થયેલું કુટુંબ હોય છે.

ગાંધીનગરમાં પરિવારના ચાર સભ્યો હોય એવા ૩૧ ટકા પરિવારો ભાડાના મકાનમાં રહે છે. ત્યારબાદના ક્રમે ત્રણ સભ્યોના પરિવારનો ક્રમ ૧૮ ટકા અને પાંચ સભ્યોનો પરિવાર ૧૯ ટકા સાથે છે. આ પરિવારો પૈકી બે રૂમ રસોડાના મકાનમાં ૩૪ ટકા પરિવારો, ૧૮ ટકા અને ૩૩ ટકા પરિવારો અનુક્રમે રહે છે. જે દર્શાવે છે કે ચાર સદસ્ય પરિવાર ભૌતિક સુખ સુવિધાવાળા મકાનમાં વસે છે. કારણ એ કે સારૂ નોકરીમાં અર્થ ઉપાર્જન તેઓ કરી શકતા હોય છે.



એકતા યાત્રાનું અભિવાદન - અખંડ ભારતના શિલ્પી સરદાર પટેલના જન્મદિને લોકાર્પણ થનાર સ્ટેચ્યુ ઓફ યુનિટીના પૂર્વે આરંભાયેલ એકતા યાત્રાનું પાટનગરમાં ભારે ઉલ્લાસપૂર્વક સ્વાગત થયું હતું... શહેરના સેક્ટર-૧થી સેક્ટર-૮ના વિવિધ શોપીંગ સેન્ટર અને ધાર્મિક સ્થાનો પર ભાવપૂર્વક સ્વાગત કરાયું હતું... જ્યારે વિવિધ ચાર રસ્તે શહેરના કલાકારોએ વિવિધ લોકનૃત્યોની પ્રસ્તુતિ કરી હતી. હજુ સોમવારે શહેરના જુના સેક્ટરોમાં એકતા યાત્રા ફરશે...

# શહેરમાં એકતાયાત્રાને આવકાર

## સાધુબેટ હવે પ્રવાસન સ્થળ તરીકે વિકાસ પામશે : નરહરિ અમીન : શહેરમાં એકતાયાત્રાનું સ્વાગત; શહેરમાં ભ્રમણ કરતી યાત્રા : ઉમીયાધામ ખાતે હાસ્ય દરબાર યોજાયો

ગાંધીનગર, તા. ૨૮

સરદારની સાદગી અને મક્કમતા એ તેમની આગવી ઓળખ હતી તેઓ ખેડૂત સત્યાગ્રહથી સરદાર તરીકેની




ઓળખ પામ્યા હતા. વજ્રથી પણ કઠોર અને પુષ્પથી પણ કોમળ હૃદયના તેઓ વ્યક્તી હતા.

આજે ગાંધીનગર શહેરમાં એકતા યાત્રા પ્રવેશતાં સે. ૧ના ગાયત્રી મંદિર ખાતે યોજાયેલ સ્વાગત સમારોહમાં આયોજન પંચના ઉપાધ્યક્ષ નરહરિ અમીન અને મેયર પ્રવિણ પટેલે ઉપરોક્ત વાતો કહી હતી.

નરહરિ અમીને તેમના પ્રાસંગિક ઉદ્‌બોધનમાં દેશી રજવાડાઓના વિલીનીકરણની વાત કહી તેમના નેતૃત્વને વખાણ્યુ હતુ. તેમણે કહ્યુ કે સાધુબેટ ખાતે ૨૩૦૦ કરોડથી પણ વધુના ખર્ચે દુનિયાની સૌથી ઊંચી પ્રતિમાનું વડાપ્રધાનના હસ્તે લોકાર્પણ થવાનું છે. ગુજરાતી નેતાનું ગુજરાતી વડાપ્રધાનના હસ્તે લોકાર્પણ પ્રસંગ એ ગુજરાત માટે ગૌરવ સમાન છે.

તેમણે કહ્યુ હતુ કે સાધુબેટ માત્ર પ્રતિમાનું સ્થળ નહિ બને પરંતુ તે એક પ્રવાસન સ્થળ વિકાસ પામવાનું છે જે ગુજરાતનું આગવું નજરાણુ બનશે.

મેયર પ્રવિણ પટેલે તેમના કઠોર હૃદયની વાત કહી વકીલ તરીકેની તેમની કુશાગ્રતાને શ્રદ્ધાંજલિ અર્પતા જણાવ્યુ હતુ કે તેઓ સ્પષ્ટ વક્તા અને વહીવટકર્તા પણ હતા.

પ્રારંભમાં ડે. મ્યુનિ. કમિશનર જે.બી. બારૈયાએ સ્વાગત પ્રવચન કર્યુ હતુ જ્યારે આભારવિધિ ટેક્ષ ઓફિસર સોનીએ કરી હતી. આ પ્રસંગે સ્વામિનારાયણ સંપ્રદાયના પી.પી. સ્વામી, વૃજભૂષણ સ્વામી, પૂર્વ કેબિનેટ મંત્રી અને સહકારી અગ્રણી વાડીભાઈ પટેલ, પૂર્વ ગૃહ રાજ્યમંત્રી મહેન્દ્રભાઈ ત્રિવેદી, ગુડાના પૂર્વ ચેરમેન આશિષ દવે, પૂર્વ મેયર મહેન્દ્રસિંહ રાણા, ડે. મેયર દેવેન્દ્રસિંહ ચાવડા અને ભાજપના કાઉન્સીલરો તથા સંગઠનના આગેવાનો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

આ એકતા યાત્રા સે. ૧ થી નીકળી વિવિધ સેક્ટરોમાં ફરી સાંજે ઉમિયાધામ ખાતે પહોંચી હતી જ્યાં મનપા દ્વારા યોજાયેલ હાસ્ય દરબારમાં પણ મોટી સંખ્યામાં નગરજનો ઉમટ્યા હતા.

સરદાર પટેલની એકતા યાત્રા આજે બપોરે ગાંધીનગર શહેરમાં પ્રવેશી હતી જ્યાં અયપ્પા ટેમ્પલ કમિટી દ્વારા યાત્રાનું સ્વાગત કરવામાં આવ્યું હતું.

આ પછી યાત્રા સે. ૧ના ગાયત્રી મંદિર ખાતે પહોંચતા તેનું વિધિવત સ્વાગત અને સ્વાગત સમારોહ મનપા દ્વારા યોજવામાં આવ્યો હતો.

# શહેરમાં ભાજપની હાલત એક તૂટે તેર સાંધે... જેવી બની

## એકતાયાત્રામાં જ સંગઠ્ઠન અને ચૂંટાયેલી પાંખની તિરાડો વધુ પહોળી બની

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગર શહેર ભાજપ અને ચૂંટાયેલી પાંખ વચ્ચે સંકલનનો અભાવ આજે એકયાત્રા દરમ્યાન પણ જોવા મળ્યો હતો.

સંગઠ્ઠનના હોદ્દેદારોએ હાજરી આપી પરંતુ કોઈને સાથે લઈ આવ્યા નહિ કે વોર્ડ સમિતિઓના આગેવાનો પણ છુટાછવાયા નજરે પડ્યા હતા.

ચૂંટાયેલી પાંખમાં પણ જે આંતરકલહ છે તે પણ સામે આવ્યો હતો. કેટલાક કાઉન્સીલરો કાર્યક્રમ શરૂ થવાની ગણતરીની મિનિટો પૂર્વે જ પહોંચ્યા હતા અને ડાયસ પર બેસી ગયા હતા. તો કેટલાક કાઉન્સીલરોએ નીચે બેસી મનદુઃખ પણ ખાનગીમાં વ્યક્ત કર્યુ હતું.

ભાજપ સંગઠ્ઠન અને ચૂંટાયેલી પાંખમાં એક તૂટે અને તેર સાંધે તેવી હાલત હતી. આ ઉપરાંત મંચસ્થ કોણ કોણ થશે તેમાં પણ સંકલનનો અભાવ જોવા મળ્યો હતો. કેટલાક કાઉન્સીલરોની અને સંગઠ્ઠનના આગેવાનોની ગેરહાજરી ઉડીને આંખે વળગતી હતી.

# ગાંધીનગર દૂધ વાપરનારાઓની મંડળીના હોદ્દેદારોની વરણી



ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગર દૂધ વાપરનારાઓની સહકારી મંડળીના બોર્ડ ઓફ ડિરેક્ટર્સની આજે મળેલ બેઠકમાં નવા વર્ષના હોદ્દેદારોની ચૂંટણી યોજવામાં આવી હતી.

નવા વર્ષના હોદ્દેદારોની સર્વાનુમતે વરણી કરાઈ હતી જેમાં ચેરમેન તરીકે દિલીપસિંહ ચૌહાણ, વાઈસ ચેરમેન તરીકે કેતનભાઈ પટેલ અને મેને. ડિરેક્ટર તરીકે પંકજભાઈ શુક્લ સર્વાનુમતે ચૂંટાયેલા જાહેર કરાયા હતા.

# આગામી ૧૨મી નવેમ્બરથી ૨૦મી પશુધન ગણતરી યોજાશે

## ગણતરીકાર ઓનલાઈન એન્ટ્રી કરશે : એક ગણતરીકાર ૪૫૦૦ ઘર આવરી લેશે : જિલ્લામાં ૮૦ ટીમ બનાવાઈ

ગાંધીનગર, તા. ૨૮

રાજ્યમાં ૧૨મી નવેમ્બરથી ૨૦મી પશુધનની વસ્તી ગણતરીનું કાર્ય હાથ ધરવામાં આવશે. આ માટે હાલ તાલિમની કામગીરી ચાલી રહી છે.

ગાંધીનગર જિલ્લામાં ૨૦મી પશુધન ગણતરી અંગે ૮૦ જેટલી ટીમો જોતરાશે અને તે આ વર્ષના અંત સુધી ચાલશે.

મળતી વિગતો પ્રમાણે એક ગણતરીદાર ૪૫૦૦ જેટલા આવાસો આવરી લેશે. આ ગણતરી ઓનલાઈન કરવાની હોવાથી તે માટેની ડેટા એન્ટ્રી માટે ગણતરીદારોને ખાસ ફોર્મેટ સાથેનું ટેબ્લેટ સરકાર દ્વારા આપવામાં આવનાર છે.

આ પશુધન ગણતરીમાં તમામ પ્રકારના પશુઓને આવરી લેવામાં આવશે. આ માટે વિશેષ તાલિમ પણ ગણતરીદારને આપવામાં આવી રહી છે. ટેબ્લેટ ૧લી નવેમ્બરની આસપાસ આવી પહોંચતાં તે જે તે ગણતરીદારને સોંપી દેવાશે.

જિલ્લામાં ૧૯મી પશુધન વસ્તી ગણતરીમાં ૫,૮૨,૯૭૦ પશુ નોંધાયા હતા. આમાં ૧૭૯૦ કૂતરા, ૨૦૪ સસલા તેમજ ૧,૩૩,૪૨૯ પોલ્ટ્રીફાર્મમાં રખાયેલા મરઘા, બતક સહિતના પક્ષીઓ પણ નોંધાયા હતા. મળતી વિગતો પ્રમાણે ૧૯મી પશુધન ગણતરીમાં ૧,૬૧,૦૮૮ ગાય, ૩,૩૧,૩૬૭ ભેંસ, ૧૪,૨૧૪ ઘેટા, ૭૪,૧૨૪ બકરા, ૨૩૭ ઘોડા, ૨ ખચ્ચર, ૮૧૩ ઘોડા, ૧૧૨૫ ઊંટ નોંધાયા હતા.

# ઈ.મમતામાં એન્ટ્રીઓમાં નબળી કામગીરી અંગે ૨૦ પી.એચ.સી.ને નોટીસ

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગર જિલ્લામાં આરોગ્ય સેવાઓમાં આવેલી ગિરાવટને પગલે ઈ.મમતામાં નબળી એન્ટ્રી કરનાર ૨૦ પ્રા.આ. કેન્દ્રના અધિકારીઓ કર્મચારીઓને જિલ્લાના મુખ્ય આરોગ્ય અધિકારી ડૉ. મનુભાઈ સોલંકીએ નોટીસ ફટકારી છે.

મળતી વિગતો પ્રમાણે એક તરફ રોગચાળાની વકરતી સ્થિતિ તેમજ ડી.પી.એમ.યુ.ના કર્મચારીઓની હડતાલ જેવા કારણોને લઈ જિલ્લાની આરોગ્ય સેવાઓ અને તેની ડેટા એન્ટ્રીઓમાં ભારે ભરાવો થઈ જવા પામ્યો છે.

જિલ્લાની કથળતી જતી આરોગ્ય સેવાઓને લઈ એલ્વીરેશનલ ડિસ્ટ્રીક્ટનું મોનીટરીંગ જે સી.એમ. ડેશબોર્ડમાં થાય છે તેમાં જિલ્લાનો ક્રમ ૨૨મો થાય છે અને તે વખતે આજ કારણો આરોગ્યતંત્રના અધિકારીઓએ રજુ કર્યા હતા. હવે જિલ્લામાં રોગચાળાની સ્થિતિ વકરી રહી છે અને જે કાર્યભારણ વધી ગયુ છે તેને લઈ જિલ્લા આરોગ્ય અધિકારી સોલંકીએ વારંવાર નારાજગી વ્યક્ત કર્યા પછી પણ સુધારો ન થતાં ૨૦ જેટલા પ્રા.આ. કેન્દ્રના અધિકારીઓને નોટીસ ફટકારી છે. આ નોટીસમાં એક સપ્તાહમાં કામગીરી પૂરી કરવા તેમજ લેખિતમાં ખુલાસો કરવા માટે પણ જણાવવામાં આવ્યુ હોવાનું જાણવા મળેલ છે. જિલ્લામાં આરોગ્ય સેવાઓના સઘનીકરણ માટે રાજ્ય સરકાર દ્વારા પણ ભાર મુકવામાં આવી રહ્યો છે જે ઉલ્લેખનીય છે. જિલ્લા આરોગ્ય અધિકારીએ લીધેલા પગલાંની ચર્ચા સમગ્ર તંત્રમાં ઉભી થવા પામી છે.

# ઝેવિયર્સ-કાર્મેલના પૂર્વ શિક્ષિકા અને લેખિકા કુન્દન દવેનું નિધન

ગાંધીનગર, તા. ૨૮

સેંટ ઝેવિયર્સ એન્ડ માઉન્ટ કાર્મેલ સ્કૂલના હિન્દી વિષયના પૂર્વ શિક્ષિકા કુન્દનબેન દવેનું આજે સવારે દુઃખદ અવસાન થયુ હતુ. સ્વર્ગસ્થ કુન્દનટીચરની અંતિમયાત્રામાં પૂર્વ વિદ્યાર્થીઓ, શિક્ષણજગતના અગ્રણીઓ, અધિકારીઓ અને સામાજિક સંગઠ્ઠનના અગ્રણીઓ જોડાયા હતા.

આજે સવારે શ્વાસની બિમારીને લઈ કુન્દનબેન દવેનું તેમના નિવાસસ્થાને જ દુઃખદ અવસાન થયુ હતુ. ૮૮ વર્ષની જૈફવયે પણ પૂર્વ વિદ્યાર્થીઓને મળી તેમની સાથે તેમના સંસ્મરણો




વાગોળતા ટીચર એ વિદ્યાર્થીઓમાં ખુબજ મોભાનું સ્થાન ધરાવતા હતા. તેઓ તેમની પાછળ બે દિકરા અને દિકરીને વિલાપ કરતા મુકી ગયા છે.

વિદ્યાર્થીઓ જ્યારે પણ મળે ત્યારે તેના પરિવારની નાની નાની વાતોની પણ પૃચ્છા કરતા એટલુ જ નહિ તેઓ સતત જીવન માર્ગદર્શન પણ આપતા હતા.

૧૯૩૧માં જન્મેલા કુન્દનબેન અમદાવાદમાં જ્ઞાનયજ્ઞ શાળામાં શિક્ષક તરીકે સેવાઓ આપ્યા બાદ ૧૯૭૦માં ગાંધીનગર સે. ૨૦ ખાતે શરૂ થયેલ સેંટ ઝેવિયર્સ એન્ડ માઉન્ટ કાર્મેલ સ્કૂલમાં જોડાયા હતા. તેઓ એક સારા લેખિકા પણ હતા.

● અનુસંધાન પાન-૭ પર













Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com